વિકલાંગ શિષ્યવૃત્તિ યોજનામાં વિદ્યાર્થીના
વાલીની આવક મર્યાદા સુધારવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક:- અપગ/૧૦૨૦૧૫/૫૮૧૩૮૯/છ-૧

સચિવાલય, ગાંધીનગર

તારીખ :- ૧૩ / ૫ /૨૦૧૫.

<u>વંચાણે લીધા:-</u>

(૧) આ વિભાગનો ઠરાવ ક્ર- અપગ/૧૦૨૦૦૭/ન.બા.-૯/છ-૧, તા.૩૧/૩/૨૦૦૮

(૨) આ વિભાગનો ઠરાવ ક્ર- અપગ/૧૦૨૦૧૨/૫૯૪૪૩૩/છ-૧, તા.૧/૩/૨૦૧૩

(૩) આ વિભાગનો ઠરાવ ક્ર- સશપ/૧૦૨૦૧૪/૪૩૮/અ-૧, તા.૭/૮/૨૦૧૪

(૪) નિયામકશ્રી,સ.સુ.ની કચેરીનો તા.૧૩/૮/૧૪નો પત્ર ક્ર- અપગ/વિક.શિષ્યવૃત્તિ /૧૪-૧૫/૨૧૫.

## પ્રસ્તાવના :-

સમાજ સુરક્ષા ખાતા હેઠળ વિકલાંગોને શિષ્યવૃત્તિની યોજના તા.૯/૭/૧૯૬૫ થી અમલમાં છે. જેમાં ઉપર ક્રમ – (૧) સામે વંચાણે લીધેલ આ વિભાગના તા.૩૧/૩/૨૦૦૮ના ઠરાવથી વિકલાંગ વિદ્યાર્થીઓના વાલીની વાર્ષિક આવક રૂ.૫૦,૦૦૦/- નક્કી કરવામાં આવેલ છે. ત્યાર બાદ ઉપર ક્ર –(૨) સામે વંચાણે લીધેલ આ વિભાગના તા.૧/૩/૨૦૧૩ના ઠરાવથી સમાજ સુરક્ષા ખાતાની વિવિધ યોજનાઓમાં આવક મર્યાદાનું ધોરણ ગ્રામ્ય વિસ્તારો માટે રૂ.૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તારો માટે રૂ.૩૬,૦૦૦/- કરવામાં આવેલ હતું. પરંતુ વિકલાંગ શિષ્યવૃત્તિ યોજનામાં વિદ્યાર્થીના વાલીની આવક મર્યાદા રૂ.૫૦,૦૦૦/- સુધીની ઠરાવેલ હોઈ તેમાં કોઈ સુધારો કરવામાં આવેલ નહોતો.

સમાજ સુરક્ષા ખાતા ધ્વારા સંચાલિત વિકલાંગોની સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓમાં બાળકોને સામાન્ય બાળકથી વિશિષ્ઠ પ્રકારે શિક્ષણ મેળવવાનું હોય છે. આ ક્ષેત્રે સામાન્ય અને ગરીબ વાલીઓના બાળકો છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા હોય છે. સરકારશ્રી ધ્વારા નિયત કરેલ ટોચ મર્યાદાની મર્યાદામાં રહીને અનુદાન આપવામાં આવે છે.ઘણી સંસ્થાઓમાં બાળકો ટોચ મર્યાદા કરતા વધુ સંખ્યામાં છાત્રાલયમાં નિવાસ કરે છે. જેનો ખર્ચ સ્વૈચ્છિક સંસ્થાઓ પોતાના ભંડોળમાંથી કરે છે. તેથી સરકારી અનુદાન મેળવતી સંસ્થાઓના તમામ બાળકોને શૈક્ષણિક અને તેને આનુસંગિક સુવિધાઓ માટેના સંશાધનો પુરેપુરા મળી શકતા ન હોઈ તે વાલીઓએ ભોગવવા પડે છે. જેના કારણે પણ આ બાળકોને શિષ્યવૃત્તિની સુવિધા ઉપલબ્ધ કરાવાય તે ઈચ્છનીય છે.

## ઠરાવ :-

છેલ્લે ઉપર ક્રમ–(૩) સામે વંચાણે લીધેલ આ વિભાગના તા.૭/૮/૨૦૧૪ ના ઠરાવથી વિભાગ હેઠળની વિવિધ કલ્યાણકારી યોજનાઓમાં વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારો માટે

રૂ.૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તારો માટે રૂ.૬૮,૦૦૦/- કરવામાં આવેલ છે. તે ધોરણે વિકલાંગ બાળકોને આપવામાં આવતી શિષ્યવૃત્તિમાં પણ એકસૂત્રતા જળવાય અને મહત્તમ વિકલાંગ બાળકોને તેનો લાભ મળી શકે તે હેતુથી વિકલાંગ વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવકની મર્યાદા રૂ.૫૦,૦૦૦/-થી વધારીને સમાજ સુરક્ષા ખાતાની અન્ય યોજનાઓની જેમ ગ્રામ્ય વિસ્તારો માટે રૂ.૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તારો માટે રૂ.૬૮,૦૦૦/- કરવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ની તા.૩૦/૩/૨૦૧૫ની નોંધ તથા માન. મંત્રીશ્રી (નાણા) ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એમ. એલ. ભગોરા )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૨) અ.મુ. સચિવશ્રી (સા.ન્યા.), સામાજીક ન્યાય અને અધિ.વિ.ના અંગત સચિવશ્રી, સચિવાલય.

(૩) અ.મુ. સચિવશ્રી (નાણા), નાણા વિભાગ ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૫) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૬) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, (નિયામકશ્રી, સમાજ સુરક્ષા,ગાંધીનગર મારફતે)

(૭) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.

(૮) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

(૯) નાણા સલાહકારશ્રી (સા.ન્યા. અને અ.વિભાગ), બ્લોક નં.-૧૪, બીજો માળ,સચિ.,ગાંધીનગર.

(૧૦) સર્વે શાખાઓ, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય,

(૧૧) સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટરસેલ / શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિ., ગાંધીનગર.. વિભાગની વેબ સાઈટમાં છ-૧/શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

(૧૨) સીલેક્ટ ફાઈલ, છ-૧ / શાખા.

# # # # # # #